email: citypulse@gujaratmitra.in

CITY પલ્સ

ગુજરાતમિત્ર

શુક્રવાર ૨૦ માર્ચ, ૨૦૨૬

ભારતની પવિત્ર નદીઓમાં નર્મદા નદીનું સ્થાન વિશેષ છે. કહેવાય છે કે "નર્મદાના કંકર એટલા શંકર" - એટલે કે આ નદીના દરેક કંકરમાં પણ ભગવાન શિવનું વાસ છે. વિશ્વમાં એકમાત્ર એવી નદી, જેના પરિક્રમાની પરંપરા આજે પણ અવિરત ચાલુ છે. નર્મદાજીની સંપૂર્ણ પરિક્રમા લગભગ 3600 કિલોમીટરની ગણાય છે, પરંતુ ગુજરાતના નર્મદા કિનારે આવેલું એક પવિત્ર ક્ષેત્ર - રામપુરા થી તિલકવાડા સુધીનું ઉત્તરવાહિની પરિક્રમા માર્ગ માત્ર 18 કિલોમીટરનું છે. માન્યતા મુજબ, આ 18 કિમીની પરિક્રમા કરવાથી 3600 કિમીની પરિક્રમાના સમાન પુણ્ય મળે છે.

...નર્મદે હર... ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા

18 કિ.મી.ની યાત્રા, પૂણ્ય 3600 કિમીની પરિક્રમા જેટલું

આધ્યાત્મિક યાત્રા સાથે સંકલ્પ: સેવા, સાધના અને સંસ્કારનો સમન્વય

ઉત્તરવાહિનીનું આધ્યાત્મિક મહત્ત્વ

સામાન્ય રીતે નદીઓ પશ્ચિમ કે પૂર્વ દિશામાં વહે છે, પરંતુ રામપુરા થી તિલકવાડા વચ્ચે નર્મદા દક્ષિણથી ઉત્તર તરફ વહે છે, જેને "ઉત્તરવાહિની" કહેવાય છે. આ અનોખી ભૂગોળને કારણે આ પરિક્રમા અત્યંત પવિત્ર માનવામાં આવે છે. પરિક્રમાની શરૂઆત રામપુરાના રણછોડરાય મંદિરથી અથવા સામા કિનારે તિલકવાડાથી થાય છે. સમગ્ર માર્ગમાં શ્રદ્ધાળુઓ "નર્મદે હર"ના જાપ સાથે યાત્રા કરે છે.

નર્મદાજીનો પૌરાણિક ઉદ્ભવ

હિંદુ પુરાણોમાં નર્મદાજીની ઉત્પત્તિ અંગે અનેક કથાઓ છે. એક લોકપ્રિય કથા અનુસાર, સમુદ્ર મંથન દરમિયાન ભગવાન શિવે હળાહળ વિષ પાન કર્યું. ત્યારબાદ શરીરમાં ઉત્પન્ન થયેલા તાપને શાંત કરવા તેઓ મેકલ પર્વત પર ધ્યાનસ્થ થયા. ત્યારે તેમના શરીરમાંથી નીકળેલા પરસેવાના બિંદુઓમાંથી એક પવિત્ર પ્રવાહ ઉત્પન્ન થયો અને તેમાંથી એક કન્યા પ્રગટ થઈ - જેને શિવજીએ "નર્મદા" નામ આપ્યું, અર્થાત્ "આનંદ આપનારી".નર્મદાના અન્ય નામો રુદ્રદેહા, રેવા અને શાંકરી તરીકે પણ ઓળખાય છે.

આ 18 કિમીના પવિત્ર માર્ગમાં અનેક પ્રાચીન મંદિરો અને આશ્રમો આવેલા છે

- રણછોડજી મંદિર
- ધનેશ્વર મહાદેવ
- મંગળેશ્વર, તિલકેશ્વર
- મણીનાગેશ્વર અને ગોપાળેશ્વર મહાદેવ
- તપોવન, સીતારામ, વાસુદેવ કુટીર આશ્રમ
- કપીલેશ્વર મુની આશ્રમ
- કામનાથ મહાદેવ અને દંડી સ્વામી આશ્રમ

માર્ગમાં માંગરોલ ખાતે નર્મદા સેવા અન્નક્ષેત્રમાં યાત્રાળુઓ માટે ભોજન વ્યવસ્થા ચાલે છે. અહીં પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી, ગજાનન આશ્રમ માલસર તરફથી સદાવ્રત સેવા સતત ચાલે છે, જે પરિક્રમાવાસીઓ માટે વિશેષ આશીર્વાદરૂપ છે.



નર્મદા પરિક્રમા માર્ગ પર સુવિધાઓનો વ્યાપક વિકાસ: યાત્રાળુઓ માટે સર્વાંગી વ્યવસ્થા

શ્રદ્ધાળુઓને આરામદાયક યાત્રા માટે આધુનિક અને હંગામી સુવિધાઓ

ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે યાત્રાળુઓને સુગમ અને આરામદાયક યાત્રાનો અનુભવ મળે તે માટે વિશાળ પાયે સુવિધાઓ ઉભી કરી છે. આશરે રૂ. 10 કરોડના ખર્ચે હંગામી તેમજ કાયમી બંને પ્રકારની વ્યવસ્થાઓ વિકસાવવામાં આવી રહી છે. પરિક્રમા માર્ગ પર યાત્રાળુઓ માટે વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટર તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં ખાટલા, ગાદલા, ઓસીકા, ખુરશીઓ અને બેડશીટ સહિત આરામદાયક નિવાસ વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે. સાથે જ મોબાઈલ ટોયલેટ, સ્નાનગૃહ, ચેન્જિંગ રૂમ અને ક્લોક રૂમની સુવિધા ઉભી કરવામાં આવી છે. શુદ્ધ પીવાના પાણી માટે વોટર સ્ટેશન, સતત વીજ પુરવઠો, લાઇટિંગ અને 24×7 મેડિકલ યુનિટ સાથે એમ્બ્યુલન્સ સેવા પણ ઉપલબ્ધ રહેશે. યાત્રાળુઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સેવા કેન્દ્રો અને નાની દુકાનો પણ માર્ગ પર ઉભી કરવામાં આવી છે.

પરિક્રમા: માત્ર યાત્રા નહીં, આંતરિક જાગૃતિ

નર્મદા પરિક્રમા માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ આત્મજાગૃતિની યાત્રા છે. આ યાત્રા દરમિયાન સતત ચાલવાથી શરીરની ઈડા, પિંગળા અને સુષુમણા નાડીઓમાં સક્રિયતા આવે છે. ખાસ કરીને સુષુમણા નાડી જાગૃત થતાં મંત્ર જાપ અત્યંત ફળદાયી બને છે. તેથી પરિક્રમાવાસીઓ "ઊँ નમઃ શિવાય" અને "નર્મદે હર"ના જાપ સાથે યાત્રા કરે છે.

સંકલ્પ સાથેની પરિક્રમા - સમયની જરૂર

આ વર્ષે અંદાજે 15 થી 20 લાખ શ્રદ્ધાળુઓ પરિક્રમા કરશે તેવી ધારણા છે. પરંતુ આ યાત્રાને સાચા અર્થમાં સફળ બનાવવા માટે માત્ર ચાલવું પૂરતું નથી.

♦ નર્મદાજીની સ્વચ્છતા જાળવવી ♦ વ્યસન મુક્તિનો સંકલ્પ લેવો દરેક પ્રસંગે એક વૃક્ષ વાવવું ♦ પર્યાવરણ અને આધ્યાત્મ બંનેનું સંરક્ષણ... નર્મદા પરિક્રમા એ માત્ર પગલાંની યાત્રા નથી - તે આત્માની યાત્રા છે. જીવનને શિવ સાથે જોડતી, ચેતનાને જગાડતી અને અંતરમાં શાંતિ ઉતારતી આ યાત્રા દરેક માટે એક અનોખો અનુભવ છે. "નર્મદે હર" સમજાય તેવા સૌને વંદન અને બાકીના સૌને અભિનંદન.

સ્વચ્છતા, સુરક્ષા અને ટેક્નોલોજી સાથે સુવ્યવસ્થિત વ્યવસ્થાપન

પરિક્રમા દરમિયાન લાખો શ્રદ્ધાળુઓના આગમનને ધ્યાનમાં રાખીને સ્વચ્છતા અને સુરક્ષાને ટોચની પ્રાથમિકતા આપવામાં આવી છે. મહિલાઓ અને પુરુષો માટે અલગ શૌચાલય, મોબાઈલ ટોયલેટ વાન અને સતત હાઉસકીપિંગ સેવાઓ દ્વારા સમગ્ર વિસ્તાર સ્વચ્છ રાખવામાં આવશે. સુરક્ષા માટે પોલીસ બૂથ, વોચ ટાવર અને સુરક્ષા કેબિન ઉભા કરવામાં આવ્યા છે, જ્યાં તાલીમબદ્ધ કર્મચારીઓ સતત નજર રાખશે. ભીડ નિયંત્રણ માટે બેરિકેડિંગ સાથે સાથે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ઇન્ફ્રારેડ અને RFID આધારિત હેડ કાઉન્ટ સિસ્ટમ દ્વારા યાત્રાળુઓની અવરજવર પર નજર રાખવામાં આવશે. સમગ્ર 18 કિમીના પરિક્રમા માર્ગ પર એલઈડી અને ફ્લડ લાઇટ દ્વારા પ્રકાશની સુવિધા ઉભી કરવામાં આવી છે, જેથી રાત્રે પણ યાત્રા સલામત રહે. ઉપરાંત સીસીટીવી સર્વેલન્સ, સાઉન્ડ સિસ્ટમ અને વાયરલેસ કોમ્યુનિકેશન દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવશે. આ રીતે રાજ્ય સરકાર દ્વારા નર્મદા પરિક્રમા માર્ગને આધ્યાત્મિકતા સાથે આધુનિક સુવિધાઓથી સજ્જ બનાવી યાત્રાળુઓને સુરક્ષિત, સુગમ અને યાદગાર અનુભવ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.